Received on : 05-03-2026
Registered on : 05-03-2026
Decided on : 18-03-2026
Duration : Y M D
- - 12

**જૂનાગઢના મે. છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**ફોજદારી પરચુ.અરજી નં. ૧૬૭/૨૦૨૬.**
આંક-

**અરજદાર.** નિલેશ સ/ઓ માનસીંગભાઈ ડામોર,
ઉ.વ. ૧૯,ધંધો-મજુરી,
રહે.આંબાકાસ ફળીયું મકવડા,
તા.ધાનપુર, જી.દાહોદ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.
**ગુન્હો :-** ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૬,૮,૧૨ મુજબ
**સંદર્ભ :-** જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૦૯૪૮/૨૦૨૫

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એસ.પી.ચાવડા
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હુ કમ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૦૯૪૮/૨૦૨૫, ભારતીય ન્યાય

સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૬,૮,૧૨ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.મદદનીશ સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૭ થી તપાસ કરનાર અમલદાર એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સપેકટર, એ.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એસ.પી.ચાવડાનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧ ૨૦૩૦૨૩૨૫૦૯૪૮/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૬,૮,૧૨ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. વધુમાં ફરીયાદ ધ્યાને લેતા ગુનાની શરૂઆત તા.૧૭/૦૯/૨૦૨૫ ના રોજ થયેલ છે અને ભોગબનનાર કોઈને કહયા વગર ઘરેથી જતી રહેલ છે. વધુમાં આ કામે ગુનાની ફરીયાદ તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે. આમ, ફરીયાદ મોડી આપવા બાબતે કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને પોકસો કેસ નં.૦૪/૨૦૨૬ રહેલ છે. વધુમાં ચાર્જશીટ સાથેના મેડીકલ પેપર્સ ધ્યાને લેતા ભોગબનનારને કોઈ ઈજા થયેલ હોય કે પ્રાઈવેટ પાર્ટમાં કોઈ ઈજા થયેલ હોય તેવું જણાતું નથી. હાલના કામના અરજદાર/આરોપી દાહોદના રહેવાસી છે.

જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ ન હોવાનું જણાવી અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ. એડી. પી.પી. શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે ભોગબનનારની ઉંમર ધ્યાને લેતા ૧૪ વર્ષની રહેલ છે. ભોગબનનાર વધુમાં દાહોદના રહેવી છે. વધુમાં આ કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ટુંક સમયમાં ભોગબનનાની જુબાની થવાની છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ ડીવી. પોલીસ સ્ટેશનનુ સોગંદનામું વંચાણે લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ગુનીતાબેન ઉ.વ.૧૪ વર્ષ, ૦૮ મહીના (જન્મ તા.૦૧/૧૧/૨૦૧૧) વાળીને કોઈ અજાણ્યો ઈસમ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલ છે.

ત્યારબાદ ગુનાના કામેની તપાસ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપી ભોગબનનારને ભગાડીને લઈ ગયેલ હોય તેવી હકીકત ખુલતા અરજદાર/આરોપીની અટક કરવામાં આવેલ છે.

(૬) આ કામેનુ રેકોર્ડ ધ્યાને લેતા હાલના કામેની ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. જેનો પોકસો કેસ નં.૦૪/૨૦૨૬ રહેલ છે. વધુમાં આ કામેના અરજદાર /આરોપી તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. તેમજ જામીન અરજી નો નિર્ણય કરતી વખતે આરોપીને પ્રીટ્રાયલ કન્વીકશન ન થાય તે હકીકત પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં આ કામે અરજદાર/આરોપીની ઉંમર ધ્યાને લેતા ૧૯ વર્ષની રહેલ છે. તેમજ આ

કામેની ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ હોય ફરીયાદ પક્ષના પુરાવા સાથે છેડછાડ કરવાની શકયતા નહીવત રહેલ છે. વધુમાં આ કામે ભોગ બનનાર હાજર રહી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો વાંધો ન હોવાનુ જણાવેલ છે. તેમજ આ કામે રેકોર્ડ ધ્યાને લેતા અરજદાર/આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમ સંબંધ હોય તેવુ ફલિત થાય છે .વધુમાં ત.ક.અ.શ્રીનુ સોંગદનામુ ધ્યાને લેતા અરજદાર/આરોપી કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. તેમજ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી તેવી દહેશત બાબતે યોગ્ય કડક શરત કરી શકાય તેમ છે. વધુમાં ફરીયાદપક્ષે આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીવખત આવા પ્રકારનો ગુનો આચરશે તો તે બાબતે યોગ્ય તે શરત કરી શકાય તેમ છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 તથા Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના અરજદાર /આરોપીની યોગ્ય રકમના જામીન અને શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

– હાલના અરજદાર/આરોપી નિલેશ સ/ઓ માનસીંગભાઈ ડામોર, રહે.આં બાકાસ ફળીયું મકવડા, તા.ધાનપુર, જી.દાહોદવાળાની જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૦૯૪૮/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૬,૮,૧૨ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા

સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

– અરજદાર/આરોપી નિલેશ સ/ઓ માનસીંગભાઈ ડામોર, રહે.આંબાકાસ ફળીયું મકવડા, તા.ધાનપુર, જી.દાહોદવાળાની જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૦૯૪૮/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૬,૮,૧૨ મુજબના ગુનાના કામે રૂા.૨૫,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**શરતો :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ–લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ નીચેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની નીચેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુકત થયાના દિન–૭ (સાત)માં નીચેની અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૫. અરજદાર/આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ હકુમત ધરાવતા પોલિસ સ્ટેશનને કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ**,**
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)